SWACHH SURVEKSHAN League 2020

| નં. | નાગરિક પ્રતિભાવો માટેની પ્રશ્નોત્તરી |
|---|---|
| ૧ | **શું તમારા ઘરેથી કચરાનું દૈનિક ધોરણે એકત્રીકરણ કરવામાં આવે છે?** |
| | સુરત શહેરના તમામ રહેણાંક વિસ્તારો અને તમામ કોમર્શીયલ વિસ્તારોમાંથી ગાર્બેજ કલેક્શન વાહન દ્વારા ૧૦૦% કચરાનું એકત્રીકરણ થાય છે. જો આપના ઘરે કચરા ગાડી ન આવે તો આપ સુરત મહાનગરપાલિકાની મોબાઈલ એપ્લીકેશન, વેબસાઈટ કે WhatsApp ના માધ્યમથી ફરિયાદ કરી શકો છો. |
| ૨ | **શું તમને સુકા અને ભીના કચરાને વર્ગીકૃત કરવા માટે જણાવવામાં આવેલ છે?** |
| | સુરત શહેરમાં તમામ ગાર્બેજ કલેક્શન વાહનોમાં પબ્લિક અડ્રેસ સીસ્ટમ દ્વારા તથા ઘરે ઘરે લીફલેટ વિતરણ દ્વારા કચરાનું વર્ગીકરણ કરવા જણાવવામાં આવે છે. સુરતની તમામ શાળાઓ/કોલેજોમાં વિદ્યાર્થી- વિદ્યાર્થીઓને, ઓફિસોમાં કચરાના વર્ગીકરણ અંગે સમજણ આપવામાં આવી છે. |
| ૩ | **શું તમને તમારા વિસ્તારની સફાઈ સંતોષકારક જોવા મળે છે?** |
| | તમારી આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખી સુરતને સ્વચ્છતામાં અગ્રેસર બનાવીએ. સુરત શહેરમાં સફાઈ કામદારો દ્વારા રહેણાંક વિસ્તારોમાં તથા મુખ્ય અને જાહેર માર્ગો ઉપર, BRTS રોડ ઉપર મીકેનાઈઝડ સ્વીપીંગ દ્વારા સુરતને ડસ્ટ ફ્રી બનાવવામાં આવી રહ્યું છે. |
| ૪ | **શું તમને તમારા શહેરમાં થતા સામાજિક કાર્યક્રમો કે પ્રસંગોમાં પોલોથીન બેગ/૨૦૦ml વોટર બોટલ/ પ્લાસ્ટિક ગ્લાસનો ઉપયોગ થતો જોવા મળે છે?** |
| | સુરતમાં ૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળા તમામ પ્લાસ્ટિક કેરી બેગ્સ, પાણીના પાઉંચ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક (પ્લાસ્ટીકની ડીશ, થાળી, ચમચી, કપ, ડેકોરેશનની આઈટમ, થર્મોકોલની આઈટમ) ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. |
| ૫ | **શું તમને ફૂડબેંક/ વેસ્ટ એક્ષ્ચેન્જ પ્રોગ્રામ/ પ્રોડક્ટ રી-યુઝ અને રીસાયકલ પ્રોગ્રામના સંદેશાઓ અથવા તેના પ્રેક્ટીસ જોવા મળે છે?** |
| | સુરત મહાનગરપાલિકા 3R પ્રિન્સિપલ ઉપર કાર્યરત છે અને હોટેલ અને મોટી સોસાયટીઓમાં OWC તથા હોમ કોમ્પોસ્ટીંગના પ્રચાર-પ્રસાર દ્વારા શહેરમાં કુલ કચરામાં ઘટાડો કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ૧૦ જેટલા સ્થળે FOOD ATM શરુ કરવામાં આવેલ છે, જેથી ખાદ્યપદાર્થ કચરામાં ન જાય અને જરૂરિયાતમંદ વ્યક્તિને તેનો લાભ મળે. |
| ૬ | **શું તમારા વિસ્તારમાં બે (2) દિવસથી વધુ સમય સુધી કન્સ્ટ્રકશન અને ડીમોલીશન વેસ્ટ પડેલો જોવા મળે છે?** |
| | સુરત મહાનગરપાલિકા દ્વારા કન્સ્ટ્રકશન અને ડીમોલીશન વેસ્ટના પ્રોસેસિંગ માટે અલગથી વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે અને ટોલ ફ્રી નં.૧૮૦૦-૨૧૨-૨૮૨૯ ઉપર જાણ કરી આપનો સી એન્ડ ડી વેસ્ટ એજન્સીને આપી શકો છો. |
| ૭ | **શું તમે જનો છો કે તમારા શહેરમાં "હોમ કોમ્પોસ્ટીંગ" અંગે પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે? અને શું તમે તમારા ઘરના ભીના કચરાનું "હોમ કોમ્પોસ્ટીંગ" કરો છો?** |
| | શહેરના કુલ ઘનકચરામાં ઘટાડો થાય અને પર્યાવરણ સુરક્ષિત થાય તે હેતુ થી હોમ કોમ્પોસ્ટીંગથી થતા ફાયદાઓનો પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે. |
| ૮ | **શું તમે નજીકનાં જાહેર શૌચાલયને શોધવા માટે Google Maps નો ઉપયોગ કરો છો અથવા શું તમને ખબર છે કે તમારા શહેરમાં જાહેર શૌચાલય Google Maps પર ઉપલબ્ધ છે?** |
| | સુરતના તમામ જાહેર /સામુદાયિક શૌચાલયો, પેટ્રોલ પંપ તથા જાહેર સ્થળોના શૌચાલયોને Google Maps ઉપર ટેગ કરેલ છે. આપ Google Maps ઉપર "SBM Toilet" સર્ચ કરતા આપની નજીકના જાહેર શૌચાલયનો ઉપયોગ કરી શકો છો. |
| ૯ | **શું તમે જાણો છો કે તમારા શહેરમાં હોટેલ, સ્કુલ, હોસ્પિટલ,સોસાયટી, માર્કેટ વિસ્તારોનું સ્વચ્છતા રેન્કિંગ કરવામાં આવેલ છે?** |
| | સુરત મહાનગરપાલિકા દ્વારા હોટેલ, સ્કુલ, હોસ્પિટલ,સોસાયટી, માર્કેટ વિસ્તારોમાં સ્વચ્છતા રેન્કિંગ આપવામાં આવી રહ્યું છે, તો આજે જ તમારી નજીકની વોર્ડ ઓફીસ ખાતે રજીસ્ટ્રેશન કરાવો. |
| ૧૦ | **શું તમે ક્યારેય સ્વચ્છ ભારત મિશન હેઠળ તમારા શહેરને સ્વચ્છ કરવા માટે તક ઝડપી છે અથવા કોઈ NGO/SHG/ખાનગી સંસ્થા દ્વારા શહેરને સ્વચ્છ ભારત મિશન હેઠળ સમર્થન આપવામાં આવે છે?** |
| | તમારી સોસાયટી, ઓફીસ કે અન્ય સ્થળે ભેગા મળીને સુરતને સ્વચ્છ બનાવવા ભાગીદાર બનો. સ્વચ્છતા સંદર્ભે લોક-જાગૃતિ આવે તે માટે ગ્રુપ ઈવેન્ટનું આયોજન કરી આપના ૧-કલાકનું સમયદાન અને શ્રમદાન કરો. સુરત સ્વચ્છ તો પર્યાવરણ સ્વચ્છ. |
| ૧૧ | **શું તમે જાણો છો કે તમારૂ શહેર "સ્વચ્છ સર્વેક્ષણ લીગ-૨૦૨૦"માં ભાગ લઈ રહ્યું છે?** |
| | સુરત સ્વચ્છ સર્વેક્ષણ લીગ-૨૦૨૦ માં ભાગ લઈ રહ્યું છે. ચાલો, સુરતને ખુબસુરત બનાવીએ, સુરત સ્વચ્છ બનાવીએ. |
| ૧૨ | **શું તમે 3R (Reduce, Reuse, Recycle) પ્રિન્સિપલ અંગે જાણો છો અથવા શું તમે તેનું અનુસરણ કરો છો?** |
| | સુરત મહાનગરપાલિકા 3R પ્રિન્સિપલ ઉપર કાર્યરત છે. પ્લાસ્ટિક વેસ્ટ તથા કન્સ્ટ્રકશન વેસ્ટનું રીસાયકલીંગ, ગાર્ડન વેસ્ટ તથા ફ્લાવર વેસ્ટ કલેકટ કરી તેમાંથી ખાતર બનાવવું તથા સુએજ વોટરને ટ્રીટ કરી તેનો ઉપયોગ ફરીથી રિયુઝ કરવામાં આવે છે. તમે પણ બિનજરૂરી પ્લાસ્ટિકનો વપરાશ ટાળો. શક્ય બને તો હોમ કોમ્પોસ્ટીંગ અપનાવો અને શહેરના કુલ કચરામાં ઘટાડો કરવા સહભાગી બનો. |

સુરતને સ્વચ્છ બનાવવા આપના વિસ્તારમાં સ્વચ્છતાની કામગીરી, સ્વચ્છતા અંગે, કચરાના વર્ગીકરણ, હોમ કોમ્પોસ્ટિંગ માટે જન–જાગૃતિનું આયોજન કરી "સ્વચ્છ મંચ" www.swachhmanch.in તથા સ્વચ્છતા એપના માધ્યમથી નાગરિકોને જોડી મિશન સુરત તરફ આગળ વધીએ.

# શપથ

- હું 50 માઈક્રોનથી ઓછી જાડાઈવાળી પ્લાસ્ટિક કોથળી/ઝભલા થેલીના સ્થાને કાપડ/જ્યુટ(શણ)ની બેગનો ઉપયોગ કરીશ.
- હું બિનજરૂરી પ્લાસ્ટિકનો ઉપયોગ નહિ કરીશ અને પ્લાસ્ટિકનો યોગ્ય રીતે નિકાલ કરીશ.
- હું વાર–તહેવારે, સામાજિક/ધાર્મિક પ્રસંગોમાં પ્લાસ્ટિક કટલરી–ડીશ, કપ, ગ્લાસના સ્થાને પુનઃઉપયોગમાં લઈ શકાય એવા વાસણોનો ઉપયોગ કરીશ.
- હું વાર–તહેવારે, સામાજિક/ધાર્મિક પ્રસંગોમાં પ્લાસ્ટિકની ડેકોરેટીવ આઇટમોનો ઉપયોગ ટાળીશ અને મારા શહેરને વધુ સ્વચ્છ અને સુંદર બનાવવા મદદરૂપ થઈશ.

સુરત બનશે પ્લાસ્ટિક મુક્ત, સુરત થશે પર્યાવરણથી સમૃદ્ધ

# સ્વચ્છતા શપથ

- હું સ્વચ્છતાને આદત બનાવું છું.
- હું મારા ઘર, ઓફીસ, સોસાયટી–મહોલ્લા ની આસપાસ સાફ–સફાઈ રાખીશ.
- હું મારા ઘર/દુકાન/સંસ્થામાં સૂકા અને ભીના કચરાને અલગ અલગ કચરાપેટીમાં જ એકઠો કરી, ડોર ટુ ડોરની ગાડીને જ કચરો આપીશ.
- હું ગમે ત્યાં કચરો ન નાખતા/ફેંકતા, જાહેર સ્થળોએ મૂકવામાં આવેલ લીલી અને ભૂરી કચરાપેટીનો જ ઉપયોગ કરીશ.
- હું ગમે ત્યાં કે જાહેરમાં શૌચક્રિયા ન કરતા GoogleMap ઉપર ટેગ થયેલ શૌચાલયનો ઉપયોગ કરીશ.
- હું મારા ઘરમાં ઉત્પન્ન થતા હાનીકારક કચરો(વપરાયેલ ડાઈપર, સેનીટરી નેપકીન, ટ્યુબલાઈટ, બલ્બ, બેટરી, વિગેરે) નો યોગ્ય રીતે નિકાલ કરીશ.

| | |
|---|---|
| ---------- | ---------- |
| **નામ** | **પિતા/વાલીનું નામ** |